પ્રાંતિજમાં સોનીના ઘરે થયેલ ચોરીનો ભેદ પોલીસે ચાર દિવસમાં ઉકેલ્યો

એક માઈનોર સાથે ચારની પોલીસે અટકાયત કરી : ૩૭ લાખના મુદ્દામાલમાંથી ૨૪ લાખનો મુદ્દામાલ જપ્ત

પ્રાંતિજ, તા. ૬

પ્રાંતિજ હુમ્મડ કૂવા પાસે આવેલ એક બંધ મકાનમાં ચાર દિવસ પહેલા રાત્રીના સમયે ચોરો

દ્વારા ૩૭ લાખ હાથફેરો કર્યો હતો. જેમાં પ્રાંતિજ પોલીસે ગણતરીના દિવસોમાં એક માઈલોન સાથે ચાર આરોપીઓની ૨૪ લાખનો મુદ્દામાલ સાથે અટકાયત કરી છે. જ્યારે અન્ય આરોપીઓ હજુ ફરાર છે.

પ્રાંતિજ ખાતે તા. ૩-૧૧-૨૦૧૫ને મંગળવારના રોજ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પ્રાંતિજ ખાતે રહેતા ચિરાગ જ્વેલર્સના વેપારીના ઘરેથી ચાર દિવસ પહેલાં ૩૭૬૭૫૪૦નો સોનાચાંદીના દાગીનાની ચોરી થતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નરેશભાઈ મોહનભાઈ સોનીએ ફરીયાદ કરાતા પ્રાંતિજ પી.આઈ. ભરત પટેલ દ્વારા આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી. જેમાં સોના ચાંદીના ઘરેણા વેચવા નિકેળ મનોજ શ્રીમાળીને પોલીસને ભાળ મળતા તેની પુછપરછ હાથ ધરતા તેણે અન્ય ચાર વ્યક્તિઓના નામ આપ્યા હતા. જેમાં (૧) બાબુ ઉર્ફે (રોબટ) રમેશભાઈ ભોઈ ઉં.વ. ૩૫ રહે. પ્રાંતિજ, (૨) રમેશ લક્ષ્મણભાઈ શ્રીમાળી ઉં.વ. ૩૩ રહે. પ્રાંતિજ, (૩) મહેશકુમાર (ગબ્બર) કાળાભાઈ રાવળ ઉં.વ. ૨૨ રહે. પ્રાંતિજ (૪) વિષ્ણુજી ભીખાજી મકવાણા ઉં.વ. ૨૬ રહે. પ્રાંતિજ. આ ચારેયને પ્રાંતિજ પોલીસે અટકાયત કરી હતી અને તેમની પાસેથી મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જેમાં ચોરીનો પકડાયેલો મુદ્દામાલ બોખમાં તળાવ પાસે સંતાડ્યો હતો. જેમાં ૮,૫૦૦ ગ્રામ સોનું અને ૯.૫૦ કિલો ચાંદી કુલ કિંમત ૨૪ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. જેમાં ચાર આરોપીઓ તથા એક માઈનોરની અટકાયત કરી વધુ પુછપરછ હાથ ધરી છે. જ્યારે હજુ બે આરોપીઓ ફરાર છે અને બાકીનો મુદ્દામાલ પણ તેની પાસે હોવાનું પ્રાંતિજ પોલીસને આરોપીઓ પાસેથી જાણવા મળેલ છે. અને આ અંગે પ્રાંતિજ પોલીસે

પકડાયેલા આરોપીઓની વધુ પુછપરછ હાથ ધરી છે.

અંબાજી મંદિરના વહીવટકર્તાઓની કામગીરી પ્રત્યે પ્રજાજનોમાં રોષ

પાલનપુર, તા. ૬

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં દેશ-વિદેશથી માઈ ભક્તો મા જગદંબાના દર્શનાર્થે આવે છે. વર્તમાન સમયમાં જગ પ્રસિદ્ધ મંદિરે મંદિરના બહાર ભાગે સુવર્ણ શિખર બનાવવાની કામગીરી તેજ ગતિએ ચાલી રહી છે. યાત્રાધામ અંબાજીમાં આ કામગીરી સાથે પારદર્શક વહીવટ થાય તે માટે સરકાર દ્વારા વહીવટદાર પણ ફરજ પર તૈનાત કરવામાં આવ્યા છે. પરંતુ તેમ છતાં વારંવાર ભ્રષ્ટાચારની અનેક ફરિયાદો ઉઠવા પામી છે. અંબાજી યાત્રાધામમાં લાખો રૂપિયાનો દરરોજ ચઢાવો આવે છે. ત્યારે આ દાનની રકમનો યોગ્ય વહીવટ અને યાત્રાળુઓને સુયોગ્ય વ્યવસ્થા મળી રહે તે માટે સરકાર દ્વારા વહીવટદારને મુકવામાં આવ્યા છે.

અંબાજીના કેટલાક સલાહકારોની ચુંગાલમાંથી જકડાયેલા અધિકારીઓ દ્વારા સતત યેનકેન પ્રકારે ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાની બુમરાણ ઉઠવા પામી છે. મહેસાણાની એ.બી. સેન્ટર પ્રાઈઝને ગમે તે પ્રકારે લાભ વારંવાર આપવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ પ્રજાજનો કરી રહ્યા છે. ટ્રસ્ટના આ સલાહકારોના લીધે અગાઉના વહીવટદારોની બદનામી બાદ બદલીઓ પણ થઈ ચૂકી છે. આ મામલે રાજ્ય સરકાર વહીવટદારો સામે યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ ઉઠવા પામી છે.

નનાનપુરમાં મંજુરી વિના સભા યોજનાર બે પાટીદારોની અટકાયત બાદ છુટકારો

પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામે એક માસ અગાઉ તંત્રની મંજુરી વિના પાટીદાર યુવાનો અને મહિલાઓ સભા યોજી હતી. હાર્દિક પટેલ હાજર રહેવાના હતા. નાદુરસ્ત તબિયત હોવાનું બહાનુ કાઢી તેઓ ગેરહાજર રહ્યા હતા. બીજી તરફ આ સભામાં પાટીદાર યુવા અગ્રણી ચિરાગ પટેલ અને દિનેશ બામણીયાએ સભાને સંબોધી હતી. જે સંદર્ભે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં તત્કાલિન સમયે નોંધાયેલી ફરિયાદ બાદ બુધવારે સાંજે ચિરાગ પટેલ, દિનેશ બામણીયાને ટ્રાન્સફર વોરંટથી પ્રાંતિજ લવાયા હતા. તેમને પ્રાંતિજ કોર્ટમાં રજુ કરાયા હતા. ન્યાયાધીશે ૫ હજારના જામીન પર મુક્ત કર્યા હતા.

હિંમતનગર માર્કેટયાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેન બિનહરિફ ચૂંટાયા

હિંમતનગર, તા. ૬

હિંમતનગર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ડિરેક્ટરોની તાજેતરમાં થયેલી ચૂંટણી બાદ ગુરૂવારે માર્કેટયાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં બંનેની બિનહરીફ વરણી કરાઈ હતી. આ અંગે માર્કેટયાર્ડના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી માટે ગુરૂવારે જિલ્લા રજીસ્ટ્રાર પાલનપુરના અધ્યક્ષપણા નીચે બેઠક યોજાઈ હતી. જેમાં ચેરમેન તરીકે ખેડૂત પ્રતિનિધિ મુકેશભાઈ રેવાભાઈ પટેલ અને વાઈસ ચેરમેન તરીકે વેપારી પ્રતિનિધિ ઈલીયાસ ગુલામનબી ઝાંખવાલાની બિનહરિફ વરણી કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે નવા ચૂંટાયેલા નવા ચેરમેન મુકેશભાઈ પટેલ આઠ વર્ષથી માર્કેટયાર્ડમાં તથા છ વર્ષથી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં ડિરેક્ટર તરીકે સેવા આપી રહ્યા છે.

હિંમતનગરમાંથી બોલેરો ચોરાઈ

હિંમતનગરના મહાકાળી મંદિર રોડની બાજુમાં સ્વાધ્યાય હોલ પાસેથી ખુલ્લી જગ્યામાંથી ગત મંગળવારે અજાણ્યા શખ્સો રૂ. ૨.૫૦ લાખની બોલેરો નં. જીજે-૧કેએ ૬૬૨૮ની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે પ્રકાશકુમાર રમેશચંદ્ર પટેલે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગર બસ સ્ટેન્ડમાંથી બે વર્ષથી નાસતો ફરતો ગુનેગાર પકડાયો

હિંમતનગરના બસ સ્ટેન્ડમાંથી બુધવારે રાત્રે પ્રોહિબિશનના ગુનામાં સપડાયેલા વિજયનગર તાલુકાના આતરસુંબા આશ્રમ ખાતે રહેતા દિપક ઉર્ફે ડુંગર લાલજી રબારી બે વર્ષથી પોલીસથી બચવા નાસતો ફરતો હતો. જેને બાતમીને આધારે હિંમતનગર ટાઉન પોલીસે તેને ઝડપી લીધો હતો અને તેની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

હિંમતનગરમાં ધોળે દહાડે ૩.૭૨ લાખના દાગીના અને રોકડ ચોરાઈ

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ઘરફોડ અને વાહન ચોરીઓએ માઝા મુકી છે ત્યારે પોલીસતંત્ર આવા શખ્સોને પકડી શકી નથી. દરમિયાન ગુરૂવારે ભર બપોરે હિંમતનગરના પોલો ગ્રાઉન્ડ વિસ્તારમાં રહેતા પૂર્વ ગૃહ રાજ્ય મંત્રીના મકાનની સામે આવેલ એક બંધ મકાનમાંથી અજાણ્યા શખ્સો રૂ. ૩.૭૨ લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી જતા પોલીસની આબરૂના ધજાગરા થયા છે. જોકે ચોરીની ઘટના અંગે મકાન માલિકે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલો ગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલી શાકુન્તલ સોસાયટીમાં રહેતા પૂર્વ ગૃહ રાજ્યમંત્રીની સામે રહેતા ભાવિનકુમાર રમણલાલ ખત્રી તેમની માતા અને નાની બહેન સાથે રહે છે. ભાવિનકુમાર ખત્રી હિંમતનગરમાં એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. દરમિયાન તેઓ બપોરે ઘરે જમવા માટે આવ્યા હતા. ત્યારબાદ બપોરે દોઢેક વાગ્યાના સુમારે તેમના મમ્મીને લઈને એકટીવા પર મામાના ઘરે મુકવા ગયા હતા. જ્યારે નાની બહેન જયશ્રી બ્યુટી પાર્લરમાં નોકરી કરતા હોવાથી તેઓ ઘરે ન હતા. બીજી તરફ બંધ મકાનનું અજાણ્યા શખ્સોએ તાળુ તોડી ઘરમાં પ્રવેશી તિજોરી કબાટમાં રખાયેલ સોના-ચાંદીના દાગીના તથા રૂ. ૩૫૦૦ રોકડની ચોરી કરી લઈ ગયા હતા અને અન્ય ચીજવસ્તુઓ પણ વેરવિખેક કરી નાખી હતી.

જે અંગે તેમની નજીકમાં રહેતા ભાવિનભાઈના મામાના દિકરાની પત્નિ રીટાબેન ખત્રીએ ભાવિનભાઈને તેમના ઘરનું તાળુ ખુલ્લુ હોવાનું જણાવી ચોરી થઈ હોવાનું કહ્યું હતું. જેથી ભાવિનભાઈ તેમના નાના બહેન જયશ્રીબેન તથા તેમના મમ્મી ઘરે દોડી આવ્યા હતા. જ્યાં તપાસ કરતા સોના-ચાંદીના દાગીના ચોરાયા હોવાનું જણાયું હતું. ત્યારબાદ ભાવિનભાઈએ આ અંગે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે તબેલામાંથી ઘોડો નાસી ગયા બાદ તેને પકડવાનો હોય તેમ કાર્યવાહી શરૂ કરી છે. જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ઘરફોડ અને વાહન ચોરીઓની ઘટનાઓ રોજબરોજ વધી રહી છે. ત્યારે હિંમતનગરમાં ભર બપોરે તસ્કરોએ ચોરી કરીને પોલીસને લલકારી હોય તેવું ચર્ચાઈ રહ્યું છે. પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં રહેતા પૂર્વ ગૃહ રાજ્યમંત્રી તાજેતરમાં જ નવા મકાનમાં રહેવા ગયા હોવાથી તેઓ જૂના મકાનમાં ખાસ રહેતા નથી. મકાનમાંથી ભાવિનભાઈ ખત્રીના મકાનમાંથી અજાણ્યા શખ્સોએ સોનાનો સેટ, સોનાની પાતરી સેર વાળો સેટ, ચાર બંગડી, બે સોનાની ચેઈન, એક પાતળી ચેઈન, આઠ વીંટી, પેન્ડલ તથા અન્ય સોનાની બુટ્ટી અને ચાંદીનો કંદોરો, ઘૂઘરો, બે ગ્લાસ, ગણપતિની મૂર્તિ અને ચાંદીના દસ સિક્કા, બે જોડ છડા તથા રૂ. ૩૫૦૦ રોકડ મળી રૂ. ૩.૭૨ લાખની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા.

માલપુર દેના ગુજરાત ગ્રામીણ બેંકમાં આગ લાગતા ૯.૮૪ લાખના વીજ ઉપકરણો બળીને ખાખ

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના માલપુર ગામમાં બસસ્ટેન્ડની સામે આવેલા કોમ્પલેક્ષમાં બીજા માળે આવેલી દેના ગુજરાત ગ્રામીણ બેંકમાં આજે સવારે ૧૦ વાગ્યાના સુમારે શૉર્ટ-સર્કિટથી આગ લાગતા બેંકના તમામ વિજકરણો સહિત બેંકના અગત્યના દસ્તાવેજો બળીને ખાખ થઈ ગયા હતા. સદ્નસીબે આગ કાબુમાં લેવા ફાયરબ્રિગેડ સફળ રહેતા આજુબાજુની દુકાનોમાં આગની લપેટમાં આવતા પહેલાં બચી ગઈ હતી. બેંકના મકાનમાંથી ધુમાડાના ગોટે-ગોટા નીકળતા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. બેંકના તમામ વિજ ઉપકરણો સહિત જરૂરી દસ્તાવેજો બળીને ખાખ થઈ ગયા હતા.

માલપુરના નાના નાડા રોડ પર બસસ્ટેન્ડની સામેના કોમ્પલેક્ષમાં બીજા માળે આવેલ દેના ગુજરાત ગ્રામીણ બેંકમાં શુક્રવારે સવારે ૧૦.૧૫ કલાકે બેંકના યુપીએસ ઈલેક્ટ્રીક બોર્ડમાં હાઈ વોલ્ટેજના લીધે શૉર્ટ-સર્કિટ થતા આગ ભભુકી ઉઠી હતી. જોત જોતામાં આગે રોદ્ર સ્વરૂપ ધારણ કરતા બેંકની અંદર રહેલા સીસીટીવી કેમેરા, કોમ્પ્યુટર લેપટોપ, પ્રીન્ટર તેમજ અન્ય ઉપકરણો મળી ૯.૮૪ લાખના નુકશાન થયુ હતું. બેંકમાં રહેલા જરૂરી રજીસ્ટર, ફાઈલો, વાઉચર, દસ્તાવેજ, લોન ફાઈલો અને ક્લીયરીંગમાં આવેલા ચેકો બળીને ખાખ થઈ ગયા હતા. આજે સવારે બેંકમાંથી ધુમાડાના ગોટે ગોટા બહાર નીકળતા આજુબાજુના દુકાનધારકો અને લોકો દોડી આવ્યા હતા. આ આગ અંગે ફાયર ફાયટરને જાણ કરતા ફાયર ફાયટરના જવાનોએ કલાકોની મહેનત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.

સદનસીબે આગ પ્રસરતા અટકતા આજુબાજુમાં આવેલી ૨૫ દુકાનો આગની લપેટમાં આવતા સદનસીબે આગ બચી ગઈ હતી. બેંકના કર્મચારીએ માલપુર પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ કરતા કેશીયર કમલેશભાઈ પુંજાભાઈ ડામોર (રહે. નવાગામ, મહીસાગર)ની ફરિયાદના આધારે માલપુરના પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ હતી.

પાલનપુર પાલિકા પ્રમુખ પર થયેલા ભ્રષ્ટાચારના આક્ષેપને ક્લીન ચીટ

ભાજપના જ ઉપપ્રમુખ અમૃત જોશીની અરજીને નગર પાલિકા નિયામકે દફતરે કરવાનો કર્યો હૂકમ

પાલનપુર, તા. ૬

ભાજપ શાસિત પાલિકાના છેલ્લા અઢી વર્ષમાં ખુદ ભાજપના ઉપપ્રમુખ અમૃત જોશીએ પાલિકાના પ્રમુખ હસમુખ પઢીયાર પર વહીવટી મામલે જુદા જુદા આક્ષેપ કર્યા હતા. તેમજ પાલિકા પ્રમુખ પર થયેલા ભ્રષ્ટાચારનો મામલો પાલિકા નિયામક અને નામદાર હાઈકોર્ટ સુધી પાલિકા ઉપપ્રમુખ અમૃત જોશીએ લેખિતમાં અરજી કરી હતી. જેમાં પાલનપુર શહેરમાં ડોર ટુ ડોર ખાનગી એજન્સી આપવા આવેલા ઈજારો મામલે પણ પાલિકા પ્રમુખ પર ખુદ ઉપપ્રમુખે કામગીરી પર ગેરરીતીના ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપનો વિવાદ ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. જો કે ડોર ટુ ડોર કચરાના નિકાલ ભ્રષ્ટાચાર આક્ષેપને હાઈકોર્ટ થયેલી બન્ને પક્ષકારોની દલીલો અને નામદાર ગુજરાત હાઈકોર્ટે ચુકાદા ઉપર ચર્ચા અનુસાર પ્રમુખ હસમુખ પઢીયાર સામે આક્ષેપો સાબિત થતા નથી જેથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૬ની કલમ હેઠળની નોટીસને પાલિકા નિયામક ગાંધીનગર દ્વારા હૂકમને દફતરે કરવામાં આવ્યો છે. જો કે પાલિકા પ્રમુખ હસમુખ પઢીયારને પાલિકા ચૂંટણી ટાણે ઉપપ્રમુખ અમૃત જોશીએ કરેલા ડોર ટુ ડોર કચરા કામગીરીના ગેરરીતી ભ્રષ્ટાચારની ક્લીનચીટ મળતા ભારે વિવાદાસ્પદ બનેલ આ કેસ પાલિકા પ્રમુખને ભારે રાહત મળી હતી.

મોડાસામાં ગુજરાત રાજ્યની એકાંકી નાટ્ય સ્પર્ધા યોજાઈ

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર દ્વારા આયોજીત ધી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ મોડાસાના સહયોગથી ગુજરાત રાજ્યની એકાંકી નાટ્ય સ્પર્ધા પહેલી નવેમ્બરથી પાંચમી નવેમ્બર સુધી પાંચ દિવસ ભા.મા. શાહ ઓડીટોરીયમ હોલ કોલેજ કેમ્પસ મોડાસામાં યોજાઈ હતી. મ.લા. ગાંધી ઉ.કે. મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદી, ટ્રસ્ટીઓ ડૉ. અરૂણભાઈ એન. શાહ, ઉપપ્રમુખ સુભાષભાઈ શાહ અને મહેન્દ્રભાઈ શાહ અકાદમીના કો ઓર્ડીનેટર ડી. કે. પટેલ સચિવ બિપીનભાઈ તલાટી તેમજ મંડળના તમામ હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લાના લગભગ પાંચ હજાર પ્રેક્ષકોએ આ નાટ્ય સ્પર્ધા નિહાળવાનો લાભ લીધો અને નાટ્ય મહોત્સવ સંપન્ન થયો. સ્પર્ધાના અંતે એમ.એસ. પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ કોમર્સ, અમદાવાદનું દિગ્દર્શક અભિષેક શાહનું 'ખોવાયેલ છે' પ્રથમ નંબરે, થિયેટર પીપલ, જામનગરનું દિગ્દર્શક જય વિહુલાણીનું 'ભૂમિકા' બીજા નંબરે અને ફન અનલીમીટેડ સુરતનું દિગ્દર્શક ગિરીશ સોલંકીનું 'દેવદાસિની' ત્રીજા ક્રમે આવ્યું હતું. જેને સૌ પ્રેક્ષકોએ આવકાર્યું હતું.

ઈડરમાં હલકી ગુણવત્તાનો આટો વેચવા બદલ એક શખ્સને એક વર્ષની કેદની સજા

હિંમતનગર, તા. ૬

ઈડરમાં આવેલ પતંજલિત આરોગ્ય કેન્દ્રમાંથી એક મહિલાએ અંદાજે પાંચ વર્ષ અગાઉ એક કિલો ગ્રામ આટાના બે પેકેટ ખરીદ્યા હતા. જેમાં તપાસ કરતા આટામાંથી જીવાત મળી આવી હતી. જેની જાણ હિંમતનગર ફૂડ ઈન્સ્પેક્ટરને કરાયા બાદ પતંજલિ આરોગ્ય કેન્દ્રના સંચાલક વિરૂદ્ધ ઈડર કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. જે ચાલી જતા ન્યાયાધીશે આ સંચાલકને એક વર્ષની કેદ તથા રૂ. ૬ હજારનો દંડ ફટકાર્યો છે.

આ અંગેની વિગત એવી છે કે ઈડરમાં આવેલ પતંજલિ આરોગ્ય કેન્દ્રમાં ગત તા. ૨૨-૪-૧૦ના રોજ દુષ્યંતકુમાર એમ. પંડ્યાના પત્નિએ આટાના બે પેકેટ ખરીદ્યા હતા. જે ખોલીને તપાસ કરતા તેમાંથી જીવાત નીકળી હતી. જે અંગે ફૂડ ઈન્સ્પેક્ટરને જાણ કરાઈ હતી. ત્યાર બાદ આ સંચાલક વિરૂદ્ધ ઈડર કોર્ટમાં કેસ દાખલ કરાયો હતો. આ કેસ તાજેતરમાં ચાલી જતા સંચાલક રામસિંહ જવાનસિંહ રાઠોડને ન્યાયાધીશ યુ.એમ. વ્યાસે હાનિકારક ખાદ્યચીજો વેચવા બદલ એક વર્ષની સાદી કેદ તથા રૂ. ૬ હજારનો દંડ ફટકાર્યો હતો. જો તેઓ દંડ ન ભરે તો વધુ બે માસની સજા પણ ભોગવવાની રહેશે.

વાંટડા ટોલપ્લાઝા પાસે કારમાંથી ૭૨ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ વાંટડા ટોલ પ્લાઝા નજીકથી શુક્રવારે બપોરે મોડાસા રૂરલ પોલીસે રાજસ્થાન તરફથી આવતી પૂરઝડપે શંકાસ્પદ હાલતમાં હંકારતી કાર (આઈ-૨૦) ગાડી નં. જીજે ૧૮-એએચ-૩૬૧૫)નો ચાલક પોલીસ સઘન ચેકિંગ કરી રહ્યાનું જણાતા રોડ પર કાર મુકીને નાસી છુટ્યો હતો. મોડાસા રૂરલ પોલીસે આઈ-૨૦ કારની તલાશી લેતા

કારમાંથી રોયલ સ્ટેંગ વ્હીસ્કી અને એવરેડી ગોલ્ડ પ્રેસ્ટીઝ વ્હીસ્કીની મળી કુલ ૧૮૦ નંગ બોટલ કિંમત રૂ. ૭૨૦૦૦નો ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. મોડાસા રૂરલ પોલીસે આઈ.૨૦ કાર કિંમત રૂ. ૫,૦૦૦૦ મળી કુલ ૫,૭૨૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર કારચાલક વિરૂદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

પ્રાંતિજમાં ભાગવત સપ્તાહ મહોત્સવ યોજાશે

પ્રાંતિજ,તા. ૬

પ્રાંતિજની શ્રીમદ્ ભાગવત સપ્તાહ આયોજન સમિતિના ઉપક્મે કામધેનુ ગૌશાળાના લાભાર્થે પ્રાંતિજમાં આવેલ રાંદલ મહાકાલી મંદિર ભાખરીયા બસ સ્ટેશન ખાતે તા. ૧૯ થી ૨૫ નવેમ્બર-૨૦૧૫ દરમિયાન શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કથાકારે ડૉ. સ્વામી ગૌરાંગ શરણ દેવાચાર્ય કથાનું રસપાન કરાવશે.

તહેવારો પર વેચાતી મીઠાઈ આરોગ્ય માટે ખતરારૂપ : ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ નિંદ્રામાં

હિંમતનગર, તા. ૬

દિવાળીના તહેવારો નજીકમાં આવી રહ્યા છે ત્યારે હિંમતનગર સહિત જિલ્લામાં દૂધ અને માવાની મીઠાઈઓનું વેચાણ વધુ થાય છે. ત્યારે કેટલાક લાલચુ વેપારીઓ દ્વારા બનાવી બજારમાં વેચાતી માવાની મીઠાઈમાં ભેળસેળ થતી હોવાથી લોકોના સ્વાસ્થ્ય સામે ખતરો સર્જાયો છે. તેમ છતાં જિલ્લાના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓ ઘોર નિંદ્રામાં છે. જેના કારણે માવાની મીઠાઈઓમાં ભેળસેળ કરતા વેપારીઓને છુટોદોર મળ્યો છે. પ્રજાની સુખાકારીની ચિંતા કરતા વહીવટી અધિકારી કલેક્ટર દ્વારા દરોડા પાડીને ભેળસેળ કરતા વેપારીઓ સામે લાલ આંખ કરવાનો સમય પાકી ગયો છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર શહેરમાં મહાવીરનગર, મોતીપુરા, જૂના બજાર સહિતના વિસ્તારોમાં કાજુ કતરી, હલવો, બરફી, પેંડા, મીક્સ ચવાણું સહિત વિવિધ જાતની મીઠાઈઓ બનાવીને સ્વીટમાર્ટના વેપારીઓ તૈયાર કરાયા બાદ તેને બજારમાં વેચવામાં આવે છે. દિવાળીના તહેવારોમાં કેટલાક વેપારીઓ વધુ નફો રળી લેવા માટે માવાની મીઠાઈ તથા અન્ય ખાદ્ય ચીજોમાં ભેળસેળ કરીને વેચાણ કરતા હોવાની બૂમરેણ છે.

શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં ચાલતી બેકરીમાંથી હલકી કક્ષાના ઘઉં તથા મેદામાંથી પફ, બિસ્કીટ, બ્રેડ, પાઉ સહિતની ખાદ્ય ચીજો બનાવાવમાં આવતી હોવા છતાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓ સબ સલામત હોવાનો દાવો કરી રહ્યા છે.

બીજી તરફ મીઠાઈના વેપારીઓ દ્વારા દિવાળીના તહેવારોમાં ગુણવત્તાયુક્ત મીઠાઈનું વેચાણ કરવામાં આવે છે કે નહિ તેની તપાસ પણ થતી નથી. તંત્ર દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી છે.